ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૩-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### સરકારમાં બધું 'સબ સલામત' નથી

પાકિસ્તાન દિવસની ઉજવણીમાં પાક હાઇકમિશનરની જોડાજોડ બેઠેલા ભારત સરકારના વિદેશ રાજયમંત્રી ઉપરાંત કાશ્મીરને સ્વતંત્ર કરવા મથતા અલગતાવાદી નેતાઓ પણ હાજર હતા. જનરલ વી.કે. સિંહ ભારતીય સેનાના વડા તરીકે આવાં ભારતવિરોધી તત્ત્વો સાથે દાવતમાં જોડાય તે એમના પ્રશંશકોને ન જ ગમે. પરંતુ અહીં તો સરકારી ફરજના ભાગ રૂપે એમને મોકલવામાં આવ્યા હતા. દર વર્ષે આ સમારંભમાં વિદેશખાતાના રાજયમંત્રી હાજરી આપતાં જ રહ્યા છે, એમ વી.કે. સિંહને પણ પ્રોટોકોલ મુજબ સોંપાયેલી ફરજ નિભાવવી પડી હતી. રાજકીય પરિપકવતા નહીં કેળવી શકયા હોઇ એથી જે સામાજિક પ્રત્યાઘાતો સરજાયા અને વિપક્ષોએ એમને ચોમેરથી ઘેરી લીધા, એનો તો કોઇ અણસાર જ નહોતો. એથી દાવતમાં જ પેલા હિન્દુસ્તાનમાં રહીને પાકિસ્તાનના બગલબચ્ચાં તરીકે વર્તનાર હુર્રિયત નેતાઓ સાથે જ પતંગમાં બેસતા ખાસ્સી તકલીફ તો અનુભવી હતી, પરંતુ મુલાયમસિંહ જેવા વરિષ્ય યાદવ નેતા અને પૂર્વ સંરક્ષાણ મંત્રીથી લઇ કોંગ્રેસના મનીષ તિવારી, પીસી ચાકો તથા અભિષેક મનુ સિંઘવી જેવા રાજકારણીઓ એક પછી એક નિવેદનોનો તોપમાનો વરસાવવા લાગ્યા ત્યારે આ નિવૃત્ત જનરલનો અંતરાત્મા કળેળી ઊઠ્યો. એમણે પોતાની વિરુદ્ધ ચાલી રહેલા ટીકાટિપ્પણના વંટોળ સામે એક પછી એક છ ટ્વિટર સંદેસ મૂક્યા. પોતે પોતાની મરજીથી નહોતા ગયા, સરકારના આદેશથી જવું પડ્યું એટલે ગયેલા - એ મતલબના સંદેશા ઉપરાંત પોતાની પાસે સરકાર અણગમતું કામ કરાવી રહી હોય અને જાણી જોઇને પોતાનો લોકનજરમાં ઉતારી પાડવાના કારસા ચલાવાઇ રહ્યા હોય એ મતલબના સંદેશા વહેતા કર્યા. એથી હુર્રિયત નેતાઓથી લઇ કોંગ્રેસી અગ્રણીઓએ એમને 'મજબૂત' નેતા તરીકે ઉતારી પાડ્યા. ભાજપના નેતાઓએ પણ કહ્યું કે એમણે પહેલાં જ ના પાડવી જોઇતી હતી - પાછળથી બળાપો કાઢે તે બરાબર ન ગણાય. પોતાની મજબૂરી વ્યક્ત કરવાની સાથે એમણે સરકાર અને મીડિયા પ્રત્યે અણગમો વ્યક્ત કરવામાં કશી જ કસર ન કરી ત્યારે સ્વાભાવિક છે કે મીડિયા તો આવી બાબતને ચગાવે જ. આખરે આ બધું વાગતું વાગતું સરકારના કાને પહોંચ્યું. વી.કે. સિંહના અવિવેકી વ્યવહારથી નારાજ થયેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના નિવાસસ્થાને આ મુદ્દા સહિત સંસદ સત્ર વિષયક બાબતોની ચર્ચા કરવા માટે વરિષ્ઠ મંત્રીઓની બેઠક પર બોલાવી લીધી. વાત વાતમાં એવી હવા ફેલાઇ ગઇ કે સરકારને વી.કે. સિંહ જેવા શિસ્તબદ્ધ સેનાપતિની સરકાર સામેની 'અણગમતી' બાબતોની જાહેરમાં કે મીડિયા સમક્ષ કરેલી આવી નારાજગીની રજૂઆત નથી ગમી. તેથી એમણે વિદેશમંત્રી સુષમા સ્વરાજને તો ત્યાં સુધી સંભળાવી દીધું કે સરકાર કે પાર્ટી મને રાજીનામું આપવાનું કહેશે તો આ મુદ્દે હું રાજીનામું આપવા પણ તૈયાર છું. મોડે સુધી વી.કે. સિંહના રાજીનામાની અફવા ચાલતી રહી, આખરે વડાપ્રધાનના નિવાસસ્થાને મળેલી વરિષ્ઠ મંત્રીઓ અને પક્ષપ્રમુખની હાજરીવાળી બેઠકમાં આ ક્ષુલ્લક મુદ્દાને વધારે મહત્વ નહીં આપવાનો નિર્ણય લેવાયો અને વી.કે. સિંહને પણ જાહેરમાં આ વિશે સાનુકૂળ ખુલાસો કરવાની સૂચના અપાઇ. જે વી.કે. સિંહ થોડા સમય પહેલાં ટ્વિટર પર એમનો આફરો ઉતારતા હતા તેમને થૂંકેલું ચાટવાની સ્થિતિ સરજાઇ. એમણે ધરાર પ્રેસ નિવેદન આપવું પડ્યું કે પોતે રાજીનામું આપવાની વાત કયારેક કરી જ નહોતી! એમણે પાર્ટીના શિસ્તબદ્ધ સૈનિક હોવાની પોપટવાણી ઉચ્ચારી અને ઘીના ઠામમાં ઘી પડી ગયું. આખા એપિસોડમાં વી.કે. સિંહના દંભી ચરિત્રનો પર્દાફાશ થતો વપરાતય છે. સાથે જ સરકારમાં બધું સમુંસૂતરું નથી ચાલી રહ્યું એનો પણ સંદેશ મળે છે.

## અમેરિકામાં સ્થાયી ગાંધીનગરની તેજસ્વી દિકરીનું દુઃખદ નિધન

**હેમા કાપડિયા (ધનેશા)એ ધો. ૧૨માં બોર્ડમાં દ્વિતિય સ્થાન મેળવી નગરનું ગૌરવ વધાર્યું હતું એન્જિનીયરીંગ કર્યા બાદ અમેરિકાની યુનિવર્સિટીમાંથી પીએચડી થયા હતા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની તેજસ્વી પ્રતિભાશાળી દિકરી અને અમેરિકા સ્થાયી થયેલ ૪૩ વર્ષીય હેમા કાપડિયાનું તા. ૨૩મી માર્ચે દુઃખદ અવસાન થયું છે. સ્વ.મોહનલાલ ધનેશા અને સુધાબેન ધનેશાના પુત્રી હેમા કાપડિઆ(ધનેશા)એ ધો. ૧૨માંની પરીક્ષામાં બોર્ડમાં દ્વિતિય સ્થાન મેળવી ગાંધીનગરને ગૌરવ અપાવ્યું હતું.

સ્વ. હેમા કાપડિયાએ પિલાભીમાંથી એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો હતો. તેમણે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી પીએચડીની પદવી પણ પ્રાપ્ત કરી હતી અને તેઓ અમેરિકાના સાનહોઝે ખાતે ટેકનિકલ એડવાઈઝર તરીકે કાર્યરત હતા. તેમની અણધારી વિદાયથી તેમના પરિવાર અને ગાંધીનગરમાં તેમના પિતૃપક્ષના કુટુંબીજનો ભારે આઘાતની લાગણી અનુભવી રહ્યા છે. ગાંધીનગરને ગૌરવ અપાવનાર પનોતી પુત્રીના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે તેવી પ્રાર્થના.



## નીરજ મહેતાના ગઝલ સંગ્રહનું વિમોચન

ગાંધીનગર, તા. ૨૫

રાજયના યુવા અને પ્રખ્યાત કવિ નીરજ મહેતાના ગઝલ સંગ્રહ 'ગરાસ'નું વિમોચન રાજયના ખ્યાતનામ કવિ ભાગ્યેશ જહાના હસ્તે કરવામાં આવશે.

તા. ૨૭ માર્ચ શુક્રવાર સાંજે ૭-૦૦ વાગે ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમરોડ અમદાવાદ ખાતે કવિ નીરજ મહેતાના ગઝલ સંગ્રહ 'ગરાસ'નું વિમોચન ભાગ્યેશ જહા કરશે. તેમજ આ પ્રસંગે કવિ સંમેલન યોજાશે. જેમાં સંજુવાળા, રમેશ ઠકકર, કૃષ્ણ દવે, હરજીવન દાફડા, ભાર્ગવ ઠાકર, વિનય દવે, જીતેન્દ્ર જોષી, અશોક ચાવડા, ચંદ્રેશ મકવાણા, મનિષ પાઠક અને રક્ષા શુકલ જેવા નામી કવિઓ કવિતાઓ રજૂ કરશે.

## આજે સે-૨૪ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

સેકટર-૨૪ સ્થિત સ્વર્ગસ્થ વાલજીભાઈની તૃતીય પુણ્યતિથી નિમિત્તે કનૈયાલાલ મહારાજની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડ પાઠ યોજાશે. તા. ૨૬ માર્ચ ગુરુવાર રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૫૬૭/૫૬૮ આદર્શનગર, પીળો પટ્ટો સેકટર-૨૪ ખાતે યોજાશે. સુંદરકાંડ પાઠની સાથે ૧૦૦૮ દિવડાની ભવ્ય આરતી કરવામાં આવશે. કથા પાઠનો લાભ લેવા જયેશભાઈ રાજવી પરિવારે નગરજનોને આમંત્રણ પાઠવ્યું છે.

## વસંતકુંવરબા પ્રાથમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૫

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીએ બીજો નંબર પ્રાપ્ત કર્યો છે. ગુજકોસ્ટ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અંતર્ગત નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી ઈન્દ્રીશ સલીમભાઇ અજમેરીએ બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર પેટે રૂ. ૩૦૦ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યો હતો.

## વિશ્વ રંગભૂમિ દિને નાટક 'સરાય'ની પ્રસ્તુતિ કરાશે

ગાંધીનગર, તા.૨૫

પ્રસિદ્ધ સાહિત્યકાર-નાટયકાર વિજયદાન દેથાની મૂળ કથા 'અમીત લાલસા' પર આધારિત 'સરાય' નાટકની તા. ૨૭ માર્ચ ૨૦૧૫નાં રોજ વિશ્વ રંગભૂમિ દિને રજૂઆત થશે. મૂળતઃ રાજસ્થાની પરિવેશમાં રચાયેલી એક કુંભાર પરિવારની કથા 'સરાય'માં છે. તેમાં રામધન કુંભાર, તેની પત્ની દનિયા અને તેમનો પુત્ર રામુ એક શેઠની બનાવેલી ધર્મશાળામાં યાત્રાળુઓની સેવા કરે છે. સેવાથી પ્રસન્ન એક શેઠ પરિવાર રામુને દિશાવળ લઈ જાય છે. રામુનાં ઉજજવળ ભવિષ્ય માટે દનિયા અને રામધન આ માટે તૈયાર પણ થઈ જાય છે.

'સરાય' નાટકનો રસપ્રદ વળાંક અહીંથી શરૂ થાયછે. જબલપુરની રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંસ્થા સમાગમ રંગ મંડળનાં દિગ્દર્શક પ્રો. આશિષ પાઠકની દિગ્દર્શનની અજોડ કાબેલિયત રજુ કરતાં 'સરાય' નાટક તાજેતરમાં જ રાજકોટનાં રંગભૂમિ પ્રિય પ્રેક્ષકોનો અપાર સ્નેહ મેળવીને આવ્યું છે.

સુવિખ્યાત રંગબહાર સંસ્થાના પ્રયાસોથી તા. ૨૭ માર્ચ ૨૦૧૫ના રોજ 'ખ્વાહિશેં' અને 'સરાય' નાટકો અમદાવાદના ટાઉનહોલ ખાતે સાંજે માણવા મળશે. પં. બંગાળના વિશ્વ પ્રસિધ્ધ શાંતિ નિકેતન વિશ્વ વિદ્યાલયમાં નાટક વિભાગના વડા પ્રો. શ્રી મૃત્યુંજય પ્રભાકર દ્વારા લિખિત અને દિગ્દર્શિત 'ખ્વાહિંશે' અંગત સ્વતંત્રતાને અકબંધ રાખવાનો સંદેશો આપે છે.

## ગૃહનિયામક કે.એન. શાહ અને ગૃહ અધિક્ષક કે.એમ. રાઠોડની સેવાઓને બિરદાવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની અધ્યક્ષતામાં આજે રાજભવન ખાતે ગૃહ નિયામક શ્રી કે.એન. શાહની સરકારમાં બદલી થતા તથા નિવૃત્ત થઈ રહેલા ગૃહ અધિક્ષક શ્રી કે.એમ. રાઠોડને વિદાયમાન કાર્યક્રમ યોજાયો હતો.

રાજયપાલશ્રીએ શ્રી કે.એન. શાહની રાજભવનમાં ગૃહનિયામક તરીકે બજાવેલ સેવાઓની પ્રશંસા કરી હતી. શ્રી કિશોરભાઈ રાઠોડ દીર્ઘકાલીન ફરજ બજાવી નિવૃત્ત થઈ રહ્યા છે, તેઓ સ્વાસ્થ્યમય દીર્ઘાયુ જીવન વ્યતીત કરે, તેવી શુભેચ્છાઓ આપી તેમની સેવાઓને પણ રાજયપાલશ્રીએ બિરદાવી હતી.

ચાલુમાસમાં રાજભવનના કર્મચારી-અધિકારીઓના જન્મ દિવસો મનાવવાની નવીન પરંપરા શરૂ કરાઈ છે, તેના ભાગરૂપે ચાલુ માસમાં જે કર્મચારી-અધિકારીઓના જન્મ દિવસો આવે છે, તેમને પણ રાજયપાલશ્રીએ શાલ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે શ્રીમતી અવિનાશ કોહલીએ પણ કર્મચારી/અધિકારીઓને શુભેચ્છાઓ આપી તેમનું સન્માન કર્યું હતું.

પ્રારંભમાં અગ્રસચિવશ્રી અરવિંદ જોશીએ બદલી થયેલ શ્રી કે.એન. શાહ, પૂર્વ ગૃહનિયામક તથા આ માસમાં નિવૃત્ત થનાર શ્રી કિશોરભાઈ રાઠોડની સેવાઓને બિરદાવી હતી અને જે કર્મચારી-અધિકારીઓના ચાલુ માસમાં જન્મ દિવસ આવે છે, તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્રી કે.એન. શાહ અને શ્રી કિશોરભાઈ રાઠોડે સન્માન કરવા બદલ રાજયપાલશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

## જિલ્લાકક્ષાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

સેક્ટર-૨૪ સ્વામિ વિવેકાનંદ પબ્લીક સ્કૂલ ખાતે બે દિવસીય વોલીબોલ ટૂર્નામેન્ટ યોજાશે. સ્વામિ વિવેકાનંદ યુવક મંડળ દ્વારા આગામી તા. ૨૮, ૨૯ માર્ચ દરમિયાન સેક્ટર-૨૪ સ્વામિ વિવેકાનંદ સ્કૂલમાં ગાંધીનગર જિલ્લા કક્ષાની શુટીંગ, વોલીબોલ સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં જિલ્લાની કોઈપણ ટીમ વિનામૂલ્યે ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા આશિષ જોશી - ૯૯૯૮૬૯૦૪૫૫, શિવ મ્યુઝીક સેક્ટર-૨૪ ખાતેથી પ્રવેશ ફોર્મ મેળવવાના રહેશે. ભાગ લેતા ટીમના પ્રતિનિધિ તા. ૨૭ માર્ચ શુક્રવાર સાંજે ૬.૦૦ વાગે સ્વામિ વિવેકાનંદ સ્કૂલ સેક્ટર-૨૪ ખાતે હાજર રહી રજીસ્ટ્રેશન કરાવી શકશે.

## સેક્ટર-૧૩ લિમ્બચ માતાજી મંદિરે નવચંડીયજ્ઞ

ગાંધીનગર, તા. ૨૫

શ્રી પ્રેરણા પ્રગતિમંડળ સંચાલિત સેક્ટર-૧૩ સ્થિત લિમ્બચ માતાજી મંદિર ખાતે ચૈત્રી નવરાત્રી નિમિત્તે નવચંડી યજ્ઞ યોજાશે. સમાજની પરિચય પુસ્તિકાનું ફોર્મ વિતરણ કાર્યક્રમ યોજાશે. આગામી તા. ૨૭ માર્ચ, શુક્રવારે સવારે ૯.૩૦ કલાકે ધજારોહણ અને નવચંડી યજ્ઞનો પ્રારંભ થશે. સાંજે ૪.૩૦ વાગે યજ્ઞમાં શ્રીફળ હોમાશે. ૪.૪૫ વાગે આરતી યોજવામાં આવશે. નવચંડી યજ્ઞ દરમિયાન સમાજના સભ્યોની એક પરિચય પુસ્તિકા બહાર પાડવાની હોવાથી તેના ફોર્મ વિતણ કરવામાં આવશે.

## કોલવડા કે. કે. પટેલ વિદ્યાલયને રાજ્ય પુરસ્કાર મળ્યો

ગાંધીનગર, તા. ૨૫

કોલવડા સ્થિત શ્રીમતી કે.કે. પટેલ વિદ્યાલયમાં માર્ચ-૨૦૧૪માં એસ.એસ.સી. અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું હોવાથી પ્રોત્સાહન રૂપે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત મુખ્યમંત્રી આનંદીબેનના હસ્તે રૂ. ૫૦૦૦૦નો પુરસ્કાર મળતા શાળાનું ગૌરવ વધારેલ છે. સમગ્ર ગામ અને કેળવણી મંડળના ટ્રસ્ટી પ્રમુખ પ્રવિણભાઈ બી. પટેલ તથા મંત્રી છત્રસિંહ બી. વાઘેલા તરફથી આચાર્ય ભાવનાબા અને સમગ્ર સ્ટાફ પરીવારને અભિનંદન પાઠવી ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

## સે. ૧ સમદર્શન આશ્રમ ખાતે રામ જન્મોત્સવ મનાવાશે

ગાંધીનગર, તા. ૨૫

સેક્ટર-૧ સ્થિત સમરદર્શન આશ્રમ ખાતે રામચરિત માનસ પારાયણ અને રામ જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. આગામી તા. ૨૭ માર્ચ શુક્રવારે સવારે ૬.૦૦ વાગે રામચરિત પારાયમ પ્રારંભ થશે. જે ૨૮ માર્ચ શનિવારે સવારે ૧૦ વાગે પૂર્ણ થશે. પારાયણ બાદ રામચંદ્ર ભગવાનની પૂજા અર્ચના કરવામાં આવશે. રામ જન્મોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## પ્રાણી-પક્ષીઓની મદદ માટે જાહેર અપીલ

ગાંધીનગર, તા. ૨૫

સજીવસૃષ્ટી માટે ઋતુચક્ર અનિવાર્ય છે. અને દરેક સજીવના જીવન ઉપર ઋતુચક્રની ઊંડી અસર જોવા મળે છે. કુદરતી સ્ત્રોતો ઉપર દરેક જીવનો આધાર અને સમાન અધિકાર છે. મનુષ્ય તો પોતાનો હક્ક સમજીને કુદરતી સંશાધનોનો ભરપુર ઉપયોગ કરી લે છે. પરંતુ જાણે-અજાણે તે એવું નથી વિચારતો કે બીજા જીવોનો પણ કુદરત પર તેટલો જ હક્ક છે. મનુષ્યની આવી પ્રવૃત્તિઓથી તે અન્ય સજીવોનાં હક્ક ભુલી જાય છે અને પૃથ્વી પરના બીજા જીવોને અન્યાય કરી બેસે છે. ખાસ કરીને ઉનાળામાં પ્રાણી-પક્ષીઓ માટે ખોરાક પાણીની સમસ્યાઓ ઉભી થાય છે. આપણે આપણી નૈતિક ફરજ સમજી ઉનાળાની કપરી ઋતુ દરમ્યાન અબોલ પ્રાણી-પક્ષીઓ માટે પાણી ભરેલા કૂંડા, ચકલોડીયા કે અન્ય વાસણો ઘર આંગણે કે ઝાડ ઉપર અને સાથે સાથે નાના પક્ષીઓ માટે માળા બાંધવા માટલી, જૂના ખાલી ખોખાં વગેરેમાંથી માળા જેવો આકાર બનાવી ઘરની આસપાસ કે ઝાડ ઉપર બાંધવા જનતાને અપીલ હેલ્પ સંસ્થા કરી રહી છે. તમામને સહયોગ આપવા નમ્ર વિનંતી છે.

## ચૌધરી સ્કુલની વિદ્યાર્થીનીઓ થાઈલેન્ડમાં ઝળકી

ગાંધીનગર, તા.૨૫

ઈન્ટરનેશનલ કક્ષાની જીત-કૂને-ડો સ્પર્ધામાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ થાઈલેન્ડમાં કાઠુ કાઢયું.





સેકટર-૭ જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની બે વિદ્યાર્થીનીઓએ થાઈલેન્ડના બેંગ કોકમાં યોજવામાં આવેલ જીત-કૂનેડો સ્પર્ધામાં ભાગ લીધો હતો. ગત તા. ૧૨ માર્ચથી ૨૨ માર્ચ દરમિયાન સ્પર્ધા યોજાઈ હતી. દસ દિવસ દરમિયાન નગરની વિદ્યાર્થીનીઓએ શ્રેષ્ઠ રમત રમી હતી. ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહની અંજના જગશીભાઈ ચૌધરી અને શિતલ કાળુભાઈ ચૌધરીએ સિલ્વર મેડલ મેળવ્યા હતા બંને ખેડૂત પરિવારની દિકરીઓએ થાઈલેન્ડમાં ડંકો વગાડી પાટનગરની અને શાળાની શાન વધારી છે. બંને વિદ્યાર્થીનીઓને શાળા પરિવારે ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

## પત્રકારત્વ વિભાગ દ્વારા ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત પત્રકારત્વ વિભાગ દ્વારા તા. ૨૨ અને ૨૩ માર્ચના રોજ ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો. તા. ૨૨ માર્ચના રોજ કેએસવી સંચાલિત પીજીડીસીએ વિભાગમાં આયોજિત આ કાર્યક્રમમાં પ્રા. અજીતસિંહ અને પ્રા. યોગેન્દ્રભાઈ ઉપસ્થિતિ રહ્યા હતા. તા. ૨૩ માર્ચના રોજ અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રિન્સિપાલ વિજ્ઞા ઓઝા, પ્રા. રણછોડભાઈ રથવી અને પ્રા. સુજલ પાઠક ઉપસ્થિત રહ્યા હતા.

પત્રકારત્વ વિભાગના વડા શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ ઓરીએન્ટેશન કાર્યક્રમમાં પત્રકારત્વ ફેકલ્ટી મિતેશ મોદી અને મુલાકાતી વ્યાખ્યાતા શ્રી કુંતલ નિમાવત દ્વારા પત્રકારત્વના કોર્સ અંગે, પત્રકારત્વમાં ઉપલબ્ધ તકો વિશે, પત્રકારત્વની વિશેષતા વિશે વિસ્તારથી સમજ આપવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા પુછવામાં આવેલ પ્રશ્નોના પણ ઉત્તર આપવામાં આવ્યા હતા.

## અભિનય સમ્રાટ સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીને યાદ કરતો 'સંભારણા' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર લોક સાહિત્ય પરિવાર અભિનય સમ્રાટ પદ્મશ્રી સ્વર્ગસ્થ ડો. ઉપેન્દ્રભાઈ ત્રિવેદીને યાદ કરતો કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગર સેક્ટર-૧૭ ટાઉનહોલમાં આજે ગુરૂવાર રાત્રે ૯.૦૦ વાગે ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર, અભિનય સમ્રાટ, પદ્મશ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીની યાદોને વાગોળવામાં આવશે. ઉપેન્દ્રભાઈના જીવનને ઉજાગર કરતા ઓડિયો અને વીડિયો નિહાળવામાં આવશે. સ્વ. ત્રિવેદીના જીવન કવનનું દર્શન અને તેમની ભૂમિકાને સ્વર આપતા ગીતો રજૂ કરાશે. જાહેર કાર્યક્રમમાં નગરની સંસ્કૃતિ પ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.


## મહાત્મા ગાંધીના આશ્રમ - ખર્ચનો અંદાજ : એક ઝલક

વણિકમાંથી વૈશ્વિક બનેલા મોહનદાસ કરમચંદ ગાંધી પણ હિસાબ આપીને જવાબદારીભરી જવાબદારી વ્યક્ત કરવામાં કાબિલેદાદ હતા. માર્ચ મહિનો ચાલી રહ્યો છે ત્યારે ખર્ચ અને અંદાજોની બાબત એ મહત્ત્વની હોય છે ત્યારે ગાંધીના અંદાજોની વિગતો પણ જોવા જેવી છે.

ગોપાલકૃષ્ણ ગોખલેના કહ્યા અનુસાર સમગ્ર ભારત ભ્રમણ કર્યા બાદ દેશની સેવા કેવી રીતે કરવી એનો નિર્ણય લેવા જયારે મહાત્માને કહેવાયું ત્યારે તેમણે આ સુચન સ્વીકાર્યું હતું. એ પછી કોઇ જગ્યાએ સ્થાયી થઇને 'સ્વરાજ' માટેના પ્રયોગો અમદાવાદથી શરૂ કરવાનો નિર્ધાર કર્યો તે સમયે અમદાવાદના શેઠ મંગળદાસ ગિરધરલાલને અંદાજ ગણતરી સાથેનો પત્ર મોકલ્યો હતો.

૧૧મી મે ૧૯૧૫ના રોજ લેવાયેલા અને ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૧૩ પૃષ્ઠ : ૮૦ ઉપર ૮૦. આશ્રમ-ખર્ચનો અંદાજની વિગતોમાં ઊંડા ઉતરીએ તો સ્પષ્ટ સમજાય છે કે વેપાર-વાણિજ્ય સાથે સંકળાયેલી વણિક જ્ઞાતિના આ જનમાં અંદાજ બાંધવાની કોઠાસૂઝ પણ કેવી રોચક હતી.

અમદાવાદમાં એક વર્ષ સુધી અખતરો જ કરવો છે. એક અગ્રેસરોની ઇચ્છા છે એમ સમજ્યો છું એવો ઉલ્લેખ કરતાં તેઓ અંદાજે છે અને સ્પષ્ટ કરે છે કે અમદાવાદે બધો બોજો ઉપાડવો જોઇએ. આશ્રમમાં અંદાજે ચાલીસ માણસો શરૂઆતમાં હશે. થોડી મુદતમાં પચાસની સંખ્યા થઇ જવા સંભવ છે. દર માસે સરેરાશ દસ પરોણા આપવાનો સંભવ છે. આમ વિચારતાં ત્રણ રસોડાની સગવડ હોય ને ૫૦, ૦૦૦ ચોરસ ફૂટના માપના ઓરડા હોય તો બધાનો સમાસ ઠીક થાય.




સૌથી વધુ લખીને અસરકારક પ્રત્યાયન (Effective Communication) ના માસ્ટર એવા મહાત્મા પુસ્તકોનો મહિમા કશું પણ કહ્યા વિના સમજાવશે. રસોડા અને ઓરડાની જરૂરિયાત સાથે ૩ હજાર પુસ્તકોનો સમાવેશ થાય એવું મકાન ને કબાટ જોઇએ. ખેતી કરવાને સારું પાંચ એકર જમીન અને ખેતીના ઓજારોની માંગ દરખાસ્ત કરી હતી.

આશ્રમમાં સંભવિત રહેનારાઓની ૪૦ની સંખ્યા કરતા સુથારી કામના વધુ સાધનોની (૪૮ સાધનો) યાદી પણ એમાં સામેલ હતી.

આ ૪૮ સાધનોમાં ૨૦ ખીલા ખાલી, ૧ સલી ૪ કાનસ, ૨ એરણ ને મોચીના હથિયારની ઝીણામાં ઝીણી વિગતો કાગળમાં નોંધી હોવા છતાં આખો અંદાજ ઉતાવળે ઘડી કાઢ્યો છે એટલે કંઇ બાકી રહી જવાનો સંભવ છે અને ખોરાકી સિવાયના ખર્ચની મને માહિતી અહીંની નથી એટલે એ અડસટ્ટામાં મારી ભૂલ હોવાનો સંભવ છે એમ વ્યક્ત થઇને અંદાજનો અંદર ખોટા પડવાનું સ્પષ્ટ કરે છે પણ છતાં કાચો ખર્ચ અંદાજ લગાવતા નોંધ નીચે મુજબની મળે છે :

| | |
|---|---|
| બંગલો, ખેતીની જમીનનું ભાડું | |
| પુસ્તકોના કબાટનું ખર્ચ | ૫૦૦ |
| સુથારના ઓજાર | ૫૦ |
| મોચીનાં | ૧૫૦ |
| રસોઇનો સામાન | |
| બેલગાડી કે ઘોડાગાડી | |
| એક વર્ષનું ખાધા ખર્ચ | ૬૦૦૦ |

ઘરના સામાનની વિગતોમાં ફળીયામાં મુકવામાં ફાનસથી લઇને ચાવણી, કોમોડ સાથેની તમામ જરૂરિયાતોની બારીક નોંધ સાથે ઘર સામાનની કુલ ૨૦૧ ચીજવસ્તુઓ અંદાજ પત્રકમાં સામેલ હતી.

આટલા અંદાજ સાથે એવો પણ ઉલ્લેખ મહાત્મા કરે છે કે મારી માગણી તો હતી કે મને અમદાવાદ જમીન પર મકાન સંપૂર્ણ આપે ને બાકીનું ખર્ચ મારે બીજી જગ્યાએથી અથવા બીજી રીતે મેળવવું. હવે ધોરણ બદલ્યું છે એટલે એક વર્ષનો કે તેથી બીજો ઓછો અમદાવાદે ઉપાડવો એમ લાગે છે. જો અમદાવાદ એક વર્ષનો બોજો ઉપાજવાને તૈયાર ન હોય તો ઉપરના ખોરાકી ખર્ચની સગવડ મારી પાસે છે એમ વ્યવહારું અર્થશાસ્ત્રી ગાંધી અંદાજ રજુ કરીને સઘળું બીજાની ઉપર ખર્ચ નાંખવાના અખતરા પ્રયોજતા નથી અને આપણને અંદાજ આવે છે.